**ક્રિમીનલ કેસ નંબરઃ–૧૧૫૯/૧૯૯૭**

**:: આંક–૧ લગત હુકમ ::**

આજ રોજ કેસ હાથ પર લીધો. સબબ આજ રોજ એ.પી.પી.શ્રીએ હાલની અરજી આપી આરોપી વિરુધ્ધનો કેસ વિડ્રો પુરસીસ આપી પરત ખેંચવાની પરવાનગી માંગેલ છે. સબબ અરજીની પુરસીસ વંચાણે લેતાં જેમાં જણાવેલ છે કે, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હુકમ નંબર ડીસી/એડીએમ/પડતર કેસ પરત ખેંચવા/૨૦૨૧, તા.૦૯/૦૯/૨૦૨૧ મુજબ એ.પી.પી.શ્રીનાઓએ ૨૦ વર્ષ જૂના કેસ પરત ખેંચવાનો અભિપ્રાયથી પરવાનગી આપેલ છે. જે સબબ એ.પી.પી.શ્રીનાઓને ઉપરોકત કેસ વિડ્રો કરવા સબબ પુરસીસ આપી પરવાનગી માંગેલ છે.

આમ, આરોપી વિરુધ્ધના ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈને ધ્યાને લેતાં, તેમજ કેસની હકીકત, સંજોગોને તથા કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ::**

(૧) સદર ફોજદારી કેસને પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) આરોપીને આક્ષેપિત ગુનામાંથી ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલનો નિયમ મુજબ નિકાલ કરવો.

હુકમ આજ રોજ તારીખ ૧૧ મી, માહે–સપ્ટેમ્બર–૨૦૨૧ ના રોજની નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
અમદાવાદ

(એ.આર.ઘોરી)
સ્પેશીયલ સીટીંગ
પાંચમાં એડીશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય),મિરઝાપુર.
યુ.આઈ.સી.નંબર–જીજે–૦૦૯૯૮

(વી.ડી.વાઘેલા) પી.એ.